૫૦૧ / ૩,૬૨૫

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૦૮)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫) | સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૧ | (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

## વિભાગ-૧ : સહજાનંદ ચરિત્ર - અગિયારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૦૪

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. ''દીકરીને દૂધપીતી કરવાથી ત્રણ પ્રકારની હત્યા કર્યાનું પાપ લાગે છે.'' ૩૬

૨. ''આપને પણ હમણાં થોડા કાળ પહેલાં જ પટ્ટાભિષેક કરી ગાદી આપી છે.'' ૫

૩. ''તમારા ઘરમાં જે રસોઈ તૈયાર હોય તે લાવો. અમે તમારું જ અન્ન જમીશું.'' ૮૫

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. બિશપ હેબરને થયું કે મારા અંગરક્ષકો મને ઓળખતા નથી કે મારી પરવા કરતા નથી. ૧૨૬

૨. 'સાવ કબૂતરના કબૂતર રહ્યા' એમ શ્રીજીમહારાજે પરમહંસોને કહ્યું. ૮૪

૩. ડનલોપ સાહેબે તાંબાના ખત પર લખત કરી મહારાજને જમીન આપી. ૧૧૧

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં)** (૫ ગુણ)

૧. ગવર્નર માલ્કમ સાથે મુલાકાત ૧૪૩

૨. કલ્પિત ભય અને વહેમમાંથી મુક્તિ ૨૯

૩. ઓગણોતેરાનો કાળ ૮૦

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૫ ગુણ)

૧. શોભારામે જીવન કેવું બનાવ્યું ? ૬૪

૨. શ્રીજીમહારાજે કયા ચાર હરિભક્તોને મેમકા છોડી ચાલી જવા આજ્ઞા કરી ? ૨૫

૩. પાતલભાઈનાં પત્ની કેમ પસ્તાવો કરવા લાગ્યાં ? ૨૩

૪. આત્માનંદ સ્વામીનું અપમાન થતાં મહારાજે સાધુઓને શી આજ્ઞા કરી ? ૫૧

૫. ભુજમાં મંદિરના બાંધકામ માટે મહારાજે કોને મોકલ્યા ? ૧૧૮

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. જૂનાગઢ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ૧૩૯

(૧) ☐ સં. ૧૮૮૨ (૨) ☐ આપ અથવા આપના જેવા ફકીરને રાખજો

(૩) ☐ આ સાધુ અમારા જેવા જ છે. (૪) ☐ સં. ૧૮૭૮

૨. શૂદ્રોને દ્વીજપણું દીધું ૧૩૨

(૧) ☐ ગામમાં કોઈ બ્રાહ્મણ, વાણિયા નથી ? (૨) ☐ વિશુદ્ધ આચાર, વિચારવાળા આદર્શ ભક્ત બન્યા

(૩) ☐ બ્રાહ્મણો જેવી પંડિતાઈ આવશે (૪) ☐ મહારાજ ત્રણ દિવસ રહ્યા.

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** (૫ ગુણ)

૧. મહારાજે કણબીના છોકરાને પોતાની ............................... માંથી વાળ કાપીને આપ્યા. ૧૦૨

૨. મહારાજે ............................... સ્વામીને જડભરત કહ્યા. ૧૧૯

૩. આત્માનંદ સ્વામી ............................ કહેવાતા. ૫૧

૪. .......................... ને ગાજરડા વૈરી થયા. ૪૯

૫. ............................ ને લાત મારવાની ટેવ મહારાજે મુકાવી. ૯૦

(પાછળ જુઓ)

---

પ્રતિ,

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૫ જૂન, ૨૦૦૮; પરીક્ષા : સત્સંગ પરિચય-૧; માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૫૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ-૨૦૦૭

**પ્રશ્ન.૭. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. ''ભગવાનની પ્રસાદીમાં સ્વાદ જોવાય નહિ.'' ૨૯

૨. ''સ્વામિનારાયણના ફકીર પ્રેમાનંદને સાંભળ્યા પછી હું બીજા કોઈને હવે સાંભળતો નથી.'' ૧૪

૩. ''હું એકલો હજારોનો નાશ કરી દઈશ.'' ૩૫

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૪ ગુણ)

૧. શ્રીજીમહારાજે લાડુબા તથા જીવુબાને ત્યાં જમવા માટેના દસ-દસ દિવસના વારા કર્યા. ૪૩

૨. શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમનાં મંદિરો બનાવવાની હા પાડી. ૫૬

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈ પણ <u>એક</u> વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં)** (૫ ગુણ)

૧. મૂળજી બ્રહ્મચારીનું સ્વપ્ન ૨૨

૨. શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનમાં જાગા ભક્તનો ફાળો. ૫૩

૩. નિત્યાનંદ સ્વામીની રમૂજવાણી ૫

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૪ ગુણ)

૧. ધ્યાનમગ્ન અવસ્થામાં અયોધ્યાપ્રસાદજી મહારાજને શું થયું ? ૨૯

૨. વચનામૃતમાં નિત્યાનંદ સ્વામી માટે મહારાજે શું કહ્યું છે ? ૭

૩. ટેકરા પર સાધુ બાવાને જોઈ મહારાજે જીવાખાચરને શું કહ્યું ? ૩૪

૪. મહારાજે પોતાના પુરુષોત્તમપણાની વાતો કોને કરી ? ૧૫

**પ્રશ્ન.૧૧. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** (૫ ગુણ)

**વિષય :- વળી સૌ સાંભળો રે..... પદનું હાર્દ લખો.** ૧૮

**૧.** શ્રીહરિની જે વાત છે તે પરમ સિદ્ધાંત અને બધા માટે હિતકારી છે. **૨.** શ્રીહરિનું ધામ તેજોમય છે. **૩.** શ્રીહરિના ધામમાં જવા માટે શ્રીહરિને શુદ્ધ ભાવથી - નિષ્કામ ભાવથી સેવવા જોઈએ. **૪.** શ્રીહરિ પોતાના ધામમાં દ્વિભુજ દિવ્ય અને સદા સાકાર રૂપે બિરાજમાન છે. **૫.** શ્રીહરિનાં અંગોઅંગમાંથી અગણિત સૂર્યનો પ્રકાશ રેલાય છે. **૬.** શ્રીહરિના સમીપ રહેવા માટે પંચવિષયને મિથ્યા જાણવા જરૂરી છે. **૭.** શ્રીહરિ વિના બીજા સર્વે આકાર તે માયિક છે. **૮.** પ્રેમાનંદ સ્વામીનાં નયન શ્રીહરિની મૂર્તિ નિહાળતાં તૃપ્તિ પામતાં નથી. **૯.** શ્રીહરિ સૌના પ્રેરક ભગવાન છે. **૧૦.** શ્રીહરિ સંતોની મધ્યે જેમ તારાની મધ્યે ચંદ્ર શોભે તેમ શોભે છે.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્રશ્ન.૧૨. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** (૪ ગુણ)

૧. હરજીવનભાઈને સૌ 'કૃષ્ણજી અદાના' હુલામણા નામથી બોલાવતા હતા. ૬૪

૨. દ્રાવિડી શાસ્ત્રી મોટા સદ્‌ગુરુઓનાં દર્શનથી રાજી થયા. ૫૬

૩. સં. ૨૦૦૯માં દાદા ખાચરે સારંગપુરમાં દેહ મૂક્યો. ૩૯

૪. શુકાનંદ સ્વામીએ કહ્યું, 'ભવિષ્યમાં ગુણાતીતાનંદ સ્વામી જેવા સાધુ ને મૂળજી બ્રહ્મચારી જેવા બ્રહ્મચારી નહિ મળે.' ૨૬

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩. નીચેનામાંથી કોઈ પણ <u>એક</u> વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** (૧૦ ગુણ)

૧. મંદિર : હિંદુ અસ્મિતાનો અવિચલ સ્તંભ

૨. સુખી જીવનનો પાયો : પરિવારની એકતા

૩. જ્ઞાન અને ભક્તિનું પોષક - આહ્નિક

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૩ જુલાઈ, ૨૦૦૮ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋